## આજે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા

**વલસાડ** જિલ્લાના 56 પરીક્ષા કેન્દ્રો ઉપર 16000 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

**જિલ્લા** શિક્ષણ વિભાગે પૂર્વ સંધ્યાએ પરીક્ષાલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપ્યો

વલસાડ : ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શનિવારે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા સવારે 11 થી બપોરે 1.30 સુધી વલસાડ જિલ્લાના 56 કેન્દ્રો ઉપર 577 બ્લોકમાં 577 સીસીટીવી નજર હેઠળ યોજાશે. પરીક્ષાની પૂર્વ સંધ્યાએ જિલ્લા શિક્ષણ વિભાગે પરીક્ષાલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો. વલસાડ જિલ્લામાં નોંધાયેલા 16000 વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજશ્રી ટંડેલના માર્ગદર્શન હેઠળ તમામ 56 કેન્દ્રો ઉપર સરકારી પ્રતિનિધિઓ સ્ટાફની નિયુક્તિ કરી દેવાઈ છે. કુલ 360 અધિકારીઓ, કર્મચારીઓ ફરજ બજાવશે. ગરમીને લઈ વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી કે સ્વાસ્થ્ય સમસ્યા ન ઉદભવે તે માટે વિશેષ વ્યવસ્થા કરાઇ છે. યોજના અંતર્ગત સરકારી કે અનુદાનિત શાળાઓમાં ધોરણ 1 થી 8 નો અભ્યાસ પૂર્ણ કરનાર અથવા આર.ટી.ઈ. હેઠળ ખાનગી શાળામાં અભ્યાસ કરેલા તેજસ્વી વિદ્યાર્થીઓને ધો.9 થી 12ના અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

## વલસાડમાં માર્ગો પર દારૂની રેલમછેલ

**દારૂબંધીના** કડક અમલના દાવાઓ વચ્ચે બુટલેગરો ફરી એકવાર બેફામ બન્યા

**વશીયરમાં** કાર સાથેના અકસ્માતમાં મોપેડ સવાર બુટલેગરની દારૂની બોટલો રસ્તા પર વિખેરાઈ ગઈ



વલસાડ : વલસાડ જિલ્લામાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે બુટલેગરો ફરી એકવાર બેફામ બન્યા હોય તેવું દ્રશ્ય સામે આવ્યું છે. વલસાડના વશીયર વિસ્તારમાં આવેલા ડી-માર્ટની સામે ફૂલ સ્પીડમાં આવી રહેલા એક બુટલેગરે કારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.

વલસાડ નજીકના અતુલ રોડ ઉપર આવેલા વશીયર ડી-માર્ટ પાસે એક મોપેડ સવાર બુટલેગર દારૂનો જથ્થો લઈ અત્યંત ઝડપે જઈ રહ્યો હતો. આ દરમિયાન તેણે માર્ગ પર જતી એક કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે મોપેડ પર રહેલી દારૂની બોટલો રસ્તા પર વિખેરાઈ ગઈ હતી અને આખા રોડ પર દારૂની રેલમછેલ જોવા મળી હતી.

અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતાં. જોકે, પકડાઈ જવાની બીકે બુટલેગર ગભરાવાને બદલે ફટાફટ રસ્તા પરથી દારૂની બોટલો વીણીને ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ સમગ્ર ઘટનાના વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચકચાર મચી ગઈ છે.

### પોલીસનો ડર ખતમ, બુટલેગરો બેફામ

જાહેરમાં આ પ્રકારે દારૂની હેરાફેરી અને અકસ્માત સર્જાયા બાદ પણ બુટલેગર ભાગી છૂટતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. શું પોલીસનો ડર ખતમ થઈ ગયો છે? કડક અમલવારીના દાવાઓ વચ્ચમોટી માત્રામાં દારૂ ક્યાંથી આવ્યો? ભરચક વિસ્તારમાં બુટલેગરો આટલા બેફામ કેવી રીતે આવા અનેક સવાલો અત્યારે વલસાડ જિલ્લા પોલીસની કામગીરી પર ઉઠી રહ્યા છે. હાલમાં વાયરલ વિડીયોના આધારે પોલીસે તપાસ તેજ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## નવસારીમાં મિત્રના જન્મદિવસની ખુશી કાળ બની ગઈ

**તાજેતરમાં** જ ધોરણ 12ની પરીક્ષા આપનાર 17 વર્ષીય આયુષ હાંસાપોર તળાવમાં ડુબી ગયા

નવસારીઃ મોજમસ્તી અને મિત્રના જન્મદિવસની ખુશી પળોમાં જ કાળ બની તૂટી પડી. જલાલપોર તાલુકાના હાંસાપોર ગામની સીમમાં આવેલા તળાવમાં વિજલપોરના 17 વર્ષીય આયુષ ઉર્ફે ટપ્પુ જતિનભાઈ કોસાડિયાનો ડૂબી જવાથી કરુણ અંત આવ્યો છે. આ હ્રદયદ્રાવક ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ દીધી છે.

માહિતી અનુસાર આયુષ પોતાના મિત્ર રાજ સુનીલભાઈ બોરસે સાથે હાંસાપોર ખાતે ફરવા ગયો હતો. સાંજે આશરે 6 વાગ્યાના સમયે તળાવ પાસે પહોંચ્યા બાદ મોજમસ્તીમાં આયુષ પાણીમાં ઉતર્યો, પરંતુ ઊંડાણનો અંદાજ ન આવતા થોડા જ ક્ષણોમાં પાણીમાં ગરકાવ થઈ ગયો. મિત્રો સમક્ષ જ આ દુર્ઘટના બનતા બચાવ માટેના પ્રયત્નો નિષ્ફળ રહ્યા અને એક યુવાન જીવન પળવારમાં બુઝાઈ ગયું.

ઘટનાની જાણ રાત્રે 9:30 વાગ્યે વિજલપોર પોલીસને કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ લક્ષ્મણભાઈ દ્વારા કરવામાં આવી રહી છે..મૃતક આયુષે તાજેતરમાં જ ધોરણ 12ની પરીક્ષા આપી હતી અને જીવનના નવા સપનાઓ સાથે આગળ વધવા તૈયાર હતો. પરિવાર માત્ર એક વર્ષ પહેલાં જ એપ્પલ રેસીડેન્સીમાં રહેવા આવ્યો હતો. તેના પિતા જતીનભાઈ કોસાડિયા વિદેશમાં નોકરી કરે છે.

એક તરફ જન્મદિવસની ખુશી અને બીજી તરફ આકસ્મિક મોતની આ ઘટના દરેક માટે ચેતવણી સમાન છે. અજાણ્યા પાણીમાં ઉતરતા પહેલા સાવચેતી કેટલી જરૂરી છે તે ફરી એકવાર સ્પષ્ટ થયું છે. હાલ સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે અને પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

## કરવડમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગતા 15 સામે ફરિયાદ

**ભંગારના** ગોડાઉન ધરાવનારાઓએ સરકારી વિભાગની પાસ પરમીટ લીધી ન હતી

વાપી : કરવડમાં ભંગારના 25 થી વધુ ગોડાઉનો આગની ચપેટમાં આવી ગયા હતાં. આગ પ્રકરણમાં વાપી ડુંગરા પોલીસે 15 ગોડાઉન ધારકો સામે એફ.આઈ.આર. કરી હતી.

કરવડ ગામ, નવી નગરી આદર્શનગરમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગી હતી અને તેની ચપેટમાં અન્યો ગોડાઉનોમાં આગ પ્રસરી ગઈ હતી. આગ પર કાબુ મેળવવો મુશ્કેલ બનતા મેજર કોલ જાહેર કરાયો હતો અને વાપી નોટિફાઈડ, વાપી મનપા, પારડી, સરીગામ, ઉમરગામ, વલસાડ સહિત ખાનગી કંપનીની ફાયર ફાઈટરોની ટીમે આગ ઉપર કાબુ મેળવ્યો હતો. વાપી ડુંગરા પોલીસે તપાસ કરતા ભંગારના ગોડાઉન ધરાવનારા 15 સામે પગલા ભર્યા હતાં. તેઓએ કોઈ પાસપરમીટ લીધેલી ન હોવાનું બહાર આવ્યું હતું. ભંગારના ગોડાઉન ધરાવનારા (1) રોહાન કરમહુસેન ચૌધરી (2) મોહમદસમીમ અબ્બાસઅલી ખાન (3) સાકીર સુલઈ ખાન (4) રીજવાનઅહમદ એચ. ખાન (5) ગુલ્જાર આઈસીઆદર મન્સુરી (6) મુમતાજ ફરજન વણજારા (7) નીયાઝઅહમદ સમીઉલ્લા ખાન (8) નૂરમોહમદ સઈ મોહમદ (9) સફીક બદરેઆલમ ખાન (10) અબ્દુલ્લા મોહમદસમીમ ખાન (તમામ રહે. કરવડ) (11) રોનસિંગ સુનિલસિંગ (12) ઉસ્માન રઈસ ખાન (બંને રહે. ડુંગરા) (13) મોહમદઆદીલ મોહમદરહિસ સમાણી (રહે. ડુંગરી) (14) અફસર હસંતરજાક ખાન (રહે. છીરી) અને (15) જમાલઅહમદ જુવાદઅરલી ખાન (રહે. નવીનગરી, વાપી) સામે વાપી ડુંગરા પોલીસે ફરિયાદ નોંધી કાયદાકીય કાર્યવાહી કરી હતી.

## ટીપી સ્કીમને રોકવા દાનહના ભાજપ સાંસદની માગ

**સ્માર્ટ** સિટી મિશન હેઠળ થયેલા ખર્ચની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવામાં આવે અને અધૂરા કામો ઝડપથી પૂર્ણ કરાય



વાપી : દાનહીના ભાજપના સાંસદ કલાબેન ડેલકરે સંસદમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ રોકવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, દાદરા નગર હવેલી આદિવાસી બહુલ વિસ્તાર છે, જ્યાં જમીન સંપત્તિ નથી. પરંતુ આદિવાસી લોકોની સંસ્કૃતિ અને જીવન નિર્વાહનો આધાર છે. હાલ અમલમાં મુકાતી ટાઉન પ્લાનિંગ સ્કીમ સામે સ્થાનિકોનો વિરોધ હોવા છતાં પ્રશાસને જનપ્રતિનિધિઓને વિશ્વાસમાં લીધા વગર જમીનો લઈ લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. પ્રદેશમાં વિકાસના નામે આદિવાસીઓને ઉજાડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. સાંસદે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, વિકાસની વ્યાખ્યામાં સ્થાનિક લોકોની સંમતિનો સમાવેશ કેમ કરવામાં આવતો નથી?

તેમણે જણાવ્યું કે વડાપ્રધાનના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત માર્ગ, પાણી, ડ્રેનેજ અને વીજળી જેવી સુવિધાઓ પૂરું પાડવાનો હેતુ હતો. પરંતુ છેલ્લા 10 વર્ષમાં 1000 કરોડથી વધુના ફંડ ફાળવાયા હોવા છતાં અનેક કામો અધૂરા છે.

તેમણે અપીલ કરી કે, ટાઉન પ્લાનિંગ સ્કીમ રોકવામાં આવે, સ્માર્ટ સિટી મિશન હેઠળ થયેલા ખર્ચની તપાસ કરી અધૂરા કામો પૂર્ણ કરવામાં આવે. સાથે જ પ્રભાવિત આદિવાસી પરિવારોને વળતર અને પુનર્વસન આપવાની વ્યવસ્થા કરવામાં આવે.

## વલસાડ આપના ઉમેદવારોની યાદી

વલસાડ : 26 એપ્રિલે યોજનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંતર્ગત આમ આદમી પાર્ટીએ વલસાડ જિલ્લાના ઉમરગામ, પારડી અને નાનાપોંઢા તાલુકો પંચાયતના 15 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આમ હવે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિકોણીઓ જંગ ખેલાશે. જેમાં નાનાપોંઢા તાલુકા પંચાયતની અરણાઈ બેઠક માટે કૃપાલી પટેલ, મોટાપોંઢા 2 બેઠક માટે નિરવ પટેલ, સુખાલા બેઠક માટે જેતલ પટેલ, મોટી વાહિયાળ બેઠક માટે અજીત પટેલના નામોની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા પંચાયત નાનાપોંઢા બેઠક ઉપર હંસાબેન પટેલ અને અંભેટી બેઠક માટે ચંદુભાઈ પટેલના નામની જાહેરાત કરવામાં આવી છે.

## ઉમરસાડી-અતુલમાં લાખોની ચોરી કરનાર બે સુરતથી ઝડપાયા

**માછીવાડના** મકાનમાંથી રૂપિયા 1.50 લાખ અને અતુલના બંગલામાંથી રૂપિયા 10.79 લાખની મત્તાની ચોરી થઇ હતી

**ચોરીના** સોના-ચાંદીના દાગીના યુપીમાં દુકાનવાળાને વેચી દીધા હતા




પારડી : પારડીના ઉમરસાડી માછીવાડ અને અતુલ ફર્સ્ટ ગેટ સામે આવેલી સોસાયટીના બંગલામાં થયેલી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતાં.

પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ લક્ષ્મી વિલામાં ગત 30 જાન્યુઆરી 2026 ના રોજ રાત્રિ દરમિયાન ઘરમાંથી સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા 1.50 લાખની ચોરી થઇ હતી. તેમજ અતુલ ફર્સ્ટ ગેટ સામે અસીમા સોસાયટીના એક બંગલામાં ગત 2 માર્ચ 2026 ના રોજ સોના ચાંદીના દાગીના તથા હીરા મોતી તેમજ પ્લેટેનિયમ તથા રોકડ રૂપિયા થાઈલેન્ડ કરન્સી સહિત કુલ રૂ.10.79 લાખ ચોરીની વલસાડ રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

વલસાડ એલસીબીની ટીમે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ એનાલિસિસ તેમજ બાતમીદારોને મદદથી બે આરોપીઓ અનીશ અબ્દુલ નિયાઝ અબ્દુલ શેખ (રહે. સુરત) અને મોહમ્મદ સુહૈબ અનવર બસા (રહે. સુરત)ને સુરત લાજપોરથી ધરપકડ કરી હતી.

બંનેની પૂછપરછ કરતા કાર નંબર યુપી 32 એફ.કે. 7442 લઈને વલસાડ વિસ્તારમાં ચોરી કરવા માટે આવ્યા હતાં. જેમાં દોઢ માસ પહેલા બંને આરોપીઓ તથા મયુદ્દીન (રહે. બેંગલોર) સાથે કારમાં આવી પારડી હાઈવે પર ઉતરી ચાલતા ચાલતા ગામમાં વાડી પાસે આવી બંધ મકાનમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

ચોરી કરેલા સોના-ચાંદીના દાગીના ઉત્તર પ્રદેશમાં સોનાની દુકાનવાળાને વેચાણ કરી દીધેલા અને વિદેશી ચલણી નોટો લખનઉ આમીનાબાદ વિસ્તારમાં મની એક્સચેન્જ કરેલી હોવાનું કબૂલ્યું હતું. તેમજ ચોરીમાં વાપરેલી કાર કામતા હાઈવેના બાજુમાં કાર ડીલરને વેચાણ કરી અન્ય વોક્સવેગન કાર ખરીદેલી હોવાનું કબૂલ્યું હતું.

પોલીસે બંને આરોપીની ધરપકડ કરી, 1 ઈસમને વોન્ટેડ બતાવી કાર, મોબાઈલ, સીમકાર્ડ સહિત કુલ રૂપિયા 5.15 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. હાલ બંને આરોપીઓને વલસાડ રૂરલ પોલીસ મથક બાદ પારડી પોલીસ મથકે લાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગણેશ સિસોદરા પાસેથી શ્રમિકનો મૃતદેહ મળી આવ્યો

નવસારીઃ જિલ્લામાં ગણેશ સિસોદરા ગામની સીમમાં બુલેટ ટ્રેનના નિર્માણાધીન બ્રિજ ઉપર એક શ્રમિકનો મૃતદેહ મળતા વિસ્તારમાં ચકચાર ફેલાઈ ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, શ્રમિકનું મોત ગળેફાંસો લાગવાના કારણે થયું હોવાનું સામે આવ્યું છે, જેને લઈને પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ શરૂ કરી છે. કબીલપોરમાં જનકપુરી સોસાયટીમાં રહેતા 43 વર્ષીય નારાયણ કર્માકર હેલ્પર તરીકે કામ કરતા હતા. ગત તા. 1 એપ્રિલે ગણેશ સિસોદરા ગામની સીમમાં આવેલા બુલેટ ટ્રેન બ્રિજના પીલર નં. 23/276 અને 23/278 વચ્ચે મૃત હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.એલ. સૈયદ સહિતનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મૃતકના ભાઈ નિરંજન કર્માકરની માહિતીના આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો મુજબ, ઘટનાના એક દિવસ પહેલાં મૃતક અને તેના સહકર્મીઓ વચ્ચે કોઈ મુદ્દે વિવાદ અને મારામારી થઈ હોવાની ચર્ચાઓ છે. આ દિશામાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવે તો ઘટનાનું સાચું કારણ બહાર આવી શકે તેવી શક્યતા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એસબીપીપી બેંકની રૂપિયા 201 કરોડનો બિઝનેસ-23.44 કરોડનો નફો

વાપી : વલસાડ જિલ્લાની એસબીપીપી બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં શાનદાર દેખાવ કરતા રૂપિયા ૨૦૧.૩૨ કરોડના જંગી બિઝનેસ ગ્રોથ સાથે કુલ રૂપિયા ૧૯૩૮ કરોડનો બિઝનેસ હાંસલ કર્યો છે. બેંકના ઇતિહાસમાં કોઈપણ એક નાણાકીય વર્ષમાં થયેલો આ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો છે. આ વર્ષ દરમિયાન બેંકની થાપણોમાં રૂપિયા ૧૫૦.૭૬ કરોડ અને ધિરાણમાં રૂપિયા ૫૦.૫૬ કરોડનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. વૈશ્વિક આર્થિક પ્રતિકૂળતાઓ વચ્ચે પણ બેંકે પોતાની મજબૂત સ્થિતિ જાળવી રાખીને રૂપિયા ૨૩.૪૪ કરોડનો નફો કર્યો છે. બેન્કની અસ્કયામતોની ગુણવત્તામાં પણ સુધારો થયો છે, જેમાં ગ્રોસ એનપીએ (NPA) ગત વર્ષના ૫.૪૭% થી ઘટીને ૫.૩૪% થઈ છે, જ્યારે નેટ એનપીએ છેલ્લા ઘણા વર્ષોથી શૂન્ય ટકા પર જળવાઈ રહી છે. બેંકની આ ઉત્તરોત્તર પ્રગતિ પાછળ રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, બેંકના પૂર્વ ચેરમેનો, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને મેનેજમેન્ટના સભ્યોનું માર્ગદર્શન તેમજ કર્મચારીઓની ટીમવર્ક અને ગ્રાહકોનો વિશ્વાસ રહેલો છે. નોંધનીય છે કે, હાલમાં જ બેન્કમાં કસ્ટોડિયન તરીકે રાજેશભાઈ રાણાની નિમણૂક કરવામાં આવી છે, જેઓ અગાઉ બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન તરીકે સેવા આપી ચૂક્યા છે.

### વલસાડ એસ.ટી.ના અધિકારીનો નિવૃતિ વિદાયમાન કાર્યક્રમ યોજાયો



વલસાડ : ગુજરાત એસટી નિગમ હેઠળના વલસાડ એસ.ટી.ડીવીઝનલ કચેરીમાં ડી.ટી.એસ. તરીકે ફરજ બજાવતા હેતલ ભટ્ટ વય મર્યાદાને લઈ નિવૃત થતા તેમનો નિવૃતિ વિદાયમાન કાર્યક્રમ યોજાયો હતો. સુરતના બ્રહ્મ સમાજના કર્મયોગી હેતલ ભટ્ટ લગભગ ચાળીસેક વર્ષથી નિગમમાં ફરજ બજાવી વય નિવૃત્ત થયા છે. તેઓ સુરત, ભરૂચ, વડોદરા અને વલસાડ વિભાગમાં પરિણામદાયી કામગીરી કરી, મધ્યસ્થ કચેરીમાં પણ અનેક વખત જરૂર પડતા વિશેષ કામગીરી બજાવી હતી. કોઈપણ શુભ પ્રસંગ, ખાતમુહૂર્ત વિગેરેમાં પણ તેમણે ભૂદેવની ભૂમિકા ભજવી હતી. વલસાડ વિભાગના તમામ અધિકારી-કર્મીઓએ ખૂબ જ ભાવભીનું વિદાયમાન આપ્યું હતું. વલસાડમાં વર્ષોથી પડતર નિવૃત્ત કર્મચારી કામદારો વિગેરેના પ્રશ્નોનો સાનુકૂળ નિકાલ કરી નિવૃત્તો- સદગતોની સરાહનીય કામગીરી બજાવી હતી. સાથે ઓનલાઇન વ્યવસ્થાનો ભરપૂર ઉપયોગ કરી ઘણી કામગીરીનો ઓછા શ્રમ, ખર્ચે તેજ નિકાલ કરાયો હતો. હાલના વિભાગીય નિયામક સુરેન્દ્રસિંહ માત્રોજા સાથે પણ તેમણે પ્રશંસાપાત્ર કામગીરી બજાવી હતી.

### ખેરગામના સર્વાંગી વિકાસ માટે રચાયેલી મોડર્નાઈઝેશન ડેવલપમેન્ટ કમિટીનું સન્માન

ખેરગામ : ખેરગામના સર્વાંગી વિકાસ માટે રચાયેલી મોડર્નાઈઝેશન ડેવલપમેન્ટ કમિટીનું ખેરગામ મુસ્લિમ સુન્નત જમાત દ્વારા ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કમિટીના પ્રમુખ શૈલેશ ટેલર, ઉપપ્રમુખ હર્ષદ આહિર, ડેપ્યુટી સરપંચ જિગ્નેશ પટેલ, મુસ્તાન વોહરા, ધર્મેશ ભરૂચા સહિતના આગેવાનોનું મુસ્લિમ સમાજના અગ્રણીઓ સૈયદ મહમૂદબાબા, મુતવલ્લી ગુલામભાઈ શેખ, અઝીઝ ક્વોરીવાળા, માજી મુતવલ્લી જમીરભાઈ શેખ, ફારૂક શેખ, અય્યૂબ ઈંડાવાળા, નઝીર શેખ સહિતના આગેવાનો દ્વારા ફૂલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા કમિટી ખેરગામના વિકાસમાં વધુને વધુ આગળ વધે અને સાર્થક કામો કરે તેવી શુભેચ્છા તથા દુઆ વ્યક્ત કરવામાં આવી હતી. ડેપ્યુટી સરપંચ જિગ્નેશ પટેલે જણાવ્યું હતું કે, કમિટી દ્વારા ખેરગામના વિકાસ માટે જરૂરી તમામ કામગીરી હાથ ધરવામાં આવશે. વિવિધ સમસ્યાઓ અંગે રજૂઆતો કરી યોગ્ય સ્થાને પ્રશ્નો ઉઠાવી અને ગામના હિતમાં જરૂરી પગલાં લેવામાં આવશે. સાથે જ તેમણે ગામજનોના સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

### ધરમપુર પોલીસ મથકનો ચાર્જ ફરીથી પીઆઇ નિખિલ ભોયાને સોંપાયો

ધરમપુર : વલસાડ જિલ્લામાં આવનારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિત સ્વરાજ્યની ચૂંટણીઓની તારીખો જાહેર થતાં વલસાડ જિલ્લામાં ડીએસપી જાડેજાએ પાંચ જેટલાં તાલુકાના પીઆઇની બદલીનાં આદેશ આપવામાં આવતાં પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી. ધરમપુરના પીઆઇ નિખિલ ભોયાની બદલી નાનાપોંઢા કરાઈ હતી. પરંતુ ધરમપુર પોલીસ મથકનાં પીઆઈ નિખિલ ભોયા પોતે આદિવાસી સમાજના હોવાથી આ વિસ્તારમાં સારી ઓળખાણ ધરાવે છે અને પોલીસનાં ગુનાઓ ઉકેલવામાં સફળતા પ્રાપ્ત કરનારાં એવાં જાંબાઝ પીઆઇ નિખિલ ભોયાને ફરી વાર ધરમપુર પોલીસ મથકનો ચાર્જ સોંપાયો હતો.

### વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલના કલાકારોનો કલાત્મક કૌશલ્યમાં વિજય

વાપી : વલસાડ જિલ્લા કલા શિક્ષણ સંઘ દ્વારા રંગપૂર્ણી ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલના નાના કલાકારોએ ભાગ લીધો હતો. પારડીમાં શ્રી ડી.પી. સાર્વજનિક હાઈસ્કૂલના પ્રાંગણમાં આ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવાનો સમારોહ યોજાયો હતો. જેમાં તાલુકા કક્ષાએ સ્વનીક પાટિલ, સંજના ચૌહાણ અને મનસ્વી પાટીલ પ્રથમ સ્થાને મીત પટેલ દ્વિતીય સ્થાને અને રાધિકા મુંડે, હિયા પટેલ અને વ્રજ આહીર તૃતીય સ્થાને રહ્યા હતાં. તેમજ જિલ્લા કક્ષાએ આ સ્પર્ધામાં સ્વનીક પટેલ તૃતીય સ્થાને રહ્યા હતા જ્યારે મનસ્વી પાટીલ અને મીત પટેલને કન્સોલેશન પ્રાઈઝ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધામાં સમર્પણ જ્ઞાન સ્કૂલની વિદ્યાર્થિનીઓ મનસ્વી પાટીલ અને સૃષ્ટિ પટેલ દ્વિતીય સ્થાને રહ્યા હતા, જ્યારે આરતી ચૌહાણ અને નીતુ કુમાવતને આશ્વાસન પ્રાઈઝ મળ્યો હતો. વિદ્યાર્થીઓએ કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ પ્રસંગે સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ તથા સ્કૂલ ચેરપર્સન લાયન હિના પટેલ અને આચાર્યએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

### ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે, જીલ્લા નવસારીના તાલુકા નવસારીના મોજે નવસારી શહેરની હદ વિસ્તારમાં આવેલ ટીકા નં. ૨૪, સી.સર્વે નં. ૧૦૦૭/અ/૩૮ થી નોંધાયેલ જમીન પર આવેલ **શીતલ કો.ઓ.હા.સો.લી.** માં આવેલ પ્લોટ નં. ૨૮ વાળી મિલકત, જેનું પ્લોટેડ એરિયાનું ક્ષેત્રફળ ૧૩૨.૨૫ ચો.મી.છે. તથા તેના પર બાંધવામાં આવેલ મકાન, જેનું સુમાળે ક્ષેત્રફળ ૧૨૨.૦૦ ચો.મી. છે, કે જે નવસારી મહાનગરપાલિકા દફતરે વોર્ડ નં. ૨, ટેનામેન્ટ નં. ૧૦૦૨૫૦૪૭/૦ તથા ૧૦૦૨૫૦૪૮/૦ થી નોંધાયેલ છે તે મિલકત નવનીતભાઈ મણીલાલ મોદીના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. તેઓએ સદર મિલકત સને ૧૯૮૧ના અરસામાં સોસાયટી પાસેથી શેર સર્ટીફીકેટ નં.૧૬ થી ૨૦ ધ્વારા ખરીદેલી. સદર અસલ શેર સર્ટીફીકેટ હમારા અસીલથી ગુમ થયેલ છે અને તેથી તેમને સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવેલ છે. સદર મિલકત તેમની સ્વતંત્ર માલિકી, કબ્જા, ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ છે. તેઓ સદર મિલકત અન્વયે બેંક ખાતે થી લોન મેળવવા માંગતા હોઈ, જેથી મારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ ની માંગણી કરલ છે. તેથી સદરહુ મિલકત બાબતે કોઈ પણ વ્યક્તિ, નાણાંકીય સંસ્થા, સહકારી સંસ્થા કે અન્ય કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંક કે ખાનગી બેંક કે અન્ય વ્યક્તિગત ઈસમ નો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક-હિસ્સો, દર-દાવો, બોજો હોય તો હાલની આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન સાતમાં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત વાંધા નોંધાવવા. પરંતુ જો મુદતસર તેમ કરવામાં કસૂર થશે તો સદર મિલકત સબંધે કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો, હરકત, અડચણ નથી એવું માની લઈ હમારા અસીલને સદર મિલકત અંગે ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ આપી દેવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૩-૦૪-૨૦૨૬ અસીલની સુચનાથી, **ડીમ્પલ સી. ગાંધી** (એડવોકેટ)

૧૧૪, પહેલા માળે, ધર્મ ભક્તિ કોમ્પલેક્ષ, બેંક ઓફ બરોડાની સામે, પાંચ હાટડી, નવસારી. મો. ૯૮૭૯૯ ૨૨૨૭૮

### જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે :-

શ્રીમતી લીલા નાગરભાઈ કોળી, રહે. ૫, મોર્ડન વિલા, સાતમો માળ, સાંતાક્રૂઝ (ઈસ્ટ), મુંબઈ-૫૫, નાઓતે અમારી ભાગીદારી પેઢી ફાર્મા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ માં ભાગીદાર હતા, પરંતુ તા.૦૧/૧૧/૨૦૧૧ ના રોજથી તેઓ અમારી મજકૂર ભાગીદારી પેઢીમાથી નિવૃત થયેલ છે. આ સિવાય સદરહુ ભાગીદારી પેઢીમાં અન્ય ભાગીદાર શ્રી આશિત નાગરભાઈ પટેલ, રહે.૫, મોર્ડન વિલા, સાતમો માળ, સાન્તાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૫૫ નાઓ પણ તા.૩૦/૦૧/૨૦૧૯ ના રોજથી અમારી મજકૂર ભાગીદારી પેઢીમાથી નિવૃત થયેલ છે.

હાલમાં, મોજે. સરીગામ, જી.આઈ.ડી.સી એસ્ટેટ તા. ઉમરગામ જી.વલસાડ મુકામે આવેલ પ્લોટ નંબર ૨૮૧૨, ૨૮૧૩, વાળી મિલકત કે જે અમારી ભાગીદારી પેઢી ફાર્મા કેમિકલ ઈન્ડસ્ટીઝના નામે ચાલી આવેલ છે, અને હાલે મજકૂર ભાગીદારી પેઢી ફાર્મા કેમિકલ ઈન્ડસ્ટીઝના અન્ય ભાગીદારો દ્વારા સદરહુ મિલકતના હક્કો ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહેલ છે.

જે સબબ મજકૂર પ્લોટોવાળી મિલકતમાં જો કોઈક પણ વ્યક્તિ, કંપની, પેઢી કે નાણાકીય સંસ્થાનો કઈ પણ હક્ક, હિસ્સો, લાગ, ભાગ, દરદાવો, લીયન કે બોજો હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેવા હક્ક દાવાઓ સંબંધી દસ્તાવેજી પુરાવાઓ સાથે લાવી હમોને હમારી ઓફિસે રૂબરૂ મળી ખાતરી કરાવવી. નહિતર સદરહુ મુદત વિત્યેથી મજકૂર પ્લોટોવાળી મિલકતમાં ઉપરોક્ત ભાગીદારી પેઢીના અન્ય ભાગીદારો/માલિકો સિવાય અન્ય કોઈનો હક્ક, હિસ્સો નથી અથવા હોય તો તે જતાં કરેલ છે, એવું માની મજકૂર ભાગીદારો સદરહુ મિલકતના કાયદેસરના હક્ક હિસ્સા ટ્રાન્સફર કરાવી લેશે. અને ત્યારબાદ મજકૂર પ્લોટવાળી મિલકતના હક્ક, દાવા સંબંધી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેશોજી. તાઃ- ૦૩/૦૪/૨૦૨૬

કૃણાલ સુનીલચંદ્ર જોશી તે ફાર્મા કેમિકલ ઈન્ડસ્ટીઝ ના અન્ય ભાગીદારોના એડવોકેટ

સરનામું :- ઓફિસ નંબર ૨૦૩, બીજા માળે, ભવ્ય આર્કેડ, આઝાદ કોમ્પ્લેક્સ પાસે, ને.હા. નંબર. ૮, વાપી તા.વાપી જી.વલસાડ મો નંબર. ૯૫૮૬૦૮૫૧૩૪


નવા વર્ષની જબરદસ્ત સ્કીમ

ફક્ત 5 દિવસ માટે 4,5,6,7,8 એપ્રિલ, ૨૦૨૬

5.9% મજૂરી* પ્લેન ગોલ્ડ જ્વેલરી

9.9% મજૂરી* કલકત્તી, એન્ટીક, પોલકી, જડાઉ

DIAMOND | PLATINUM | GOLD | ROSE GOLD | SILVER | ANTIQUE | YELLOW GOLD | GIFT ITEMS



R.A. Parikh Jewellers NX

આ રવિવારે પણ શો રૂમ ચાલુ રહેશે

*Condition Apply

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181